Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-24 ■ તા. 6-06-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

છેલ્લાં ૨૪ કલાક ૧.૨૦ લાખ કેસ અને ૩૩૮૦ લોકોના મોત

ન્યુ દિલ્હી,તા.૫

કોરોનાની વિરુદ્ધ ભારત જીત તરફ વધતો જણાઈ રહ્યુ છે. દેશમાં જૂન મહિનો હવે રાહત આપી રહ્યો છે. કેમ કે લગભગ ૨ મહિના બાદ કોરોનાના નવા મામલામાં સૌથી મોટો ઘટાડો નોંધાયો છે. ભારતમાં ગત ૨૪ કલાકમાં કોરોનાના ૧.૨૦ કેસ આવ્યા છે. જે ગત ૫૮ દિવસમાં સૌથી ઓછા છે. આ રીતે સતત ૯માં દિવસે રોજ મળનારા નવા મામલામાં ૨ લાખથી ઓછા રહ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના લેટેસ્ટ આંકડા મુજબ ગત ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના એક્ટિવ કેસમાં ૮૦ હજાર ૭૪૦નો ઘટાડો નોંધાયો છે. સાથે આ દરમિયાન ૧, ૯૭, ૮૯૪ લોકો કોરોનાથી સાજા થઈ ચૂક્યા છે. આ રીતે ગત વર્ષ ૨૩ દિવસોમાં સતત નવા દર્દીની સંખ્યામાં સાજા થનારાની સંખ્યા વધારે છે. દેશમાં કુલ ૨.૬૭ કરોડ લોકો સાજા થઈ ચૂક્યા છે.

ત્યારે મોતની વાત કરીએ તો આ મોર્ચા પર ચિંતા યથાવત છે. દેશમાં ગત ૨૪ કલાકમાં ૩૩૮૦ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યા છે. આ રીતે દેશમાં કોરોનાથી મરનારાની સંખ્યા ૩, ૪૪, ૦૮૨ થઈ ગઈ છે. એક્ટિવ કેસોમાં ઘટાડો નોંધાયો છે તે ઘટીને ૧૫, ૫૫, ૨૪૮ આવ્યો છે.

દેશમાં ગત વર્ષ ૭ ઓગસ્ટે સંક્રમિતોની સંખ્યા ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખથી વધારે થઈ ગઈ હતી. ત્યારે સંક્રમણના કુલ મામલા ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બરે ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખને પાર થઈ ગયા હતા. દેશમાં ૧૯ ડિસેમ્બરે આ મામલા ૧ કરોડને પાર અને ૪ મેએ ૨ કરોડને પાર થઈ ગયા હતા.

રિપોર્ટ અનુસાર, ભારતે હજી સુધી તેની વસ્તીના માત્ર ૩.૧૨ ટકા લોકોને રસીના બંને ડોઝ આપ્યા છે. આ વૈશ્વિક સરેરાશના ૫.૪૮ ટકા કરતા ઘણા ઓછા છે. અહેવાલ મુજબ, એપ્રિલ મે મહિના દરમિયાન કોરોનાની બીજી લહેરમાં પીક આવ્યા પછી રસીકરણની ગતિ મે મહિનાથી ધીમી પડી ગઈ છે. અહેવાલ મુજબ ૩૧ મે સુધી વિશ્વભરમાં ૨ અબજ લોકોને રસી આપવામાં આવી છે. આમાંથી ભારતમાં માત્ર ૨૦૦ કરોડ લોકોને રસી મળી છે.એક તરફ ધીમી ગતીએ રસીકરણ અને બીજી તરફ કોરોના કેસ ઘટાતા મળતી છૂટછાટમાં લોકોની ભીડ પૂર્વવત રસ્તાઓ પર વધી રહી છે. જેને લઈને કેન્દ્ર સરકારે ચેતવણી આપી છે કે જો કોરોનાને લઈને શિથલ નીતિઓ રાખાવામાં આવશે તો સ્થિતિ ફરી વણસી શકે છે. સરકાર તરફથી કહેવામાં આવ્યું કે આપણે કોરોનાની બીજી લહેરમાં સાથે મળીને ખૂબ જ સારી લડત આપી છે. નીતી આયોગના સભ્ય ડો.વી.કે. પોલે કહ્યું કે જો આપણી શિસ્ત, કન્ટેન્ટ ઝોન બનાવવાના પગલાં અને રસીકરણની ગતિમાં ઘટાડો થયો તો પરિસ્થિતિ ફરી વણસી શકે છે.

કેન્દ્ર સરકારની ટ્વિટરને અંતિમ ચેતવણી

નવા ડિઝિટિલ નિયમ લાગુ કરો નહી તો પરિણામ ભોગવવા તૈયાર રહો

ન્યુ દિલ્હી,તા.૫

નવા આઇટી નિયમો અંતર્ગત સરકાર અને ટ્વિટરને અલ્ટિમેટમ આપીને અંતિમ નોટિસ જાહેર કરી દીધી છે. મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજીએ ટ્વિટરને લખ્યું હતું કે ૨૮ મે અને ૨ જૂનના રોજ પ્રાપ્ત થયેલા તમારા જવાબથી નિરાશા પ્રાપ્ત થઈ છે. કારણ કે તમને જે પૂછવામાં આવ્યું હતું એ અંગે ના તો તમે સ્થિતિ સ્પષ્ટ કરી હતી અને ના તો તમે નવા નિયમો સંપૂર્ણપણે લાગૂ કર્યા હતા.સરકારે ટ્વિટરને કહ્યું હતું કે તમને અંતિમ તક આપી રહ્યા છીએ. નહીં તો જે છૂટછાટ આપવામાં આવી છે એને નાબૂદ કરવામાં આવશે અને એના જવાબદાર પણ તમે હશો. સરકારે કહ્યું હતું કે ટ્વિટરે અત્યારસુધી ચીફ કંપ્લાયંસ ઓફિસર અંગે પણ નહોતુ જણાવ્યું. જે નોડલ કોન્ટેક્ટ પર્સન નોમિનેટ કર્યા છે, તે ભારતમાં ટ્વિટરનો કર્મચારી નથી. એની સાથે જે ઓફિસનું સરનામું આપવામાં આવ્યું છે એ પણ એક લૉ ફર્મનું હતું.

કોરોનાની રસી લીધા બાદ પણ કોરોના સંક્રમિત થયેલા કોઈ વ્યક્તિનું મૃત્યુ થયુ નથી

ન્યુ દિલ્હી,તા.૫

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સની બ્રેક થ્રૂ સ્ટડી મુજબ, કોરોનાની રસી અપાયેલી કોઈપણ વ્યક્તિનું સંક્રમણને કારણે મૃત્યું થયું નથી. જો રસી લેનાર વ્યક્તિને કોરોનાનો ચેપ લાગે છે, તો પછી તેને બ્રેક થ્રૂ ઈન્ફેક્શન કહેવામાં આવે છે. એઇમ્સે એપ્રિલ અને મેની વચ્ચે આ અભ્યાસ કર્યો છે. આ દરમિયાન, દેશમાં કોરોનાની લહેર ચરમ પર હતી અને દરરોજ આશરે ૪ લાખ લોકોને ચેપ લાગતો હતો. એઈમ્સના અધ્યયન મુજબ, જેમણે કોવિડ રસીના બંને ડોઝ લીધા હતા, તે લોકોને કોરાનાનો ચેપ લાગ્યો હતો, પરંતુ તેઓ કોવિડથી મૃત્યું પામ્યા ન હતા.

આ અધ્યયનમાં એવું કહેવામાં આવ્યું છે કે, રસી લેનાર કોઈપણ વ્યક્તિનું મૃત્યુ કોરોના ચેપને કારણે થયું નથી. એમ્સે બ્રેક થ્રૂ ઈન્ફેક્શનના કુલ ૬૩ કેસોનો જિનોમ સિક્વન્સીંગ દ્વારા અભ્યાસ કર્યો છે. આમાંથી ૩૬ દર્દીઓએ રસીના બંને ડોઝ લીધા હતા, જ્યારે ૨૭ લોકોએ ઓછામાં ઓછો એક ડોઝ લીધો હતો. આ અધ્યયનમાં, ૧૦ દર્દીઓએ કોવિશિલ્ડ રસી લીધી હતી, જ્યારે ૫૩ દર્દીઓએ કૌવેક્સીન લીધી હતી. આમાંથી કોઈપણ દર્દીનું ફરીથી સંક્રમણ થવાને કારણે મૃત્યું થયું નથી.

અધ્યયન મુજબ, દિલ્હીમાં સંક્રમણના મોટાભાગના કેસો એક જેવા છે અને સંક્રમણનાં કેસમાં, બી.૧.૬૧૭.૨ અને બી.૧.૧૭ સ્ટ્રેન મોટાભાગના કેસોમાં જોવા મળી રહ્યા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, બ્રેક થ્રૂ ઈન્ફેક્શનનાં કેસો અગાઉ પણ નોંધાયા હતા, પરંતુ મોટાભાગના કેસમાં ચેપ હળવો હતો. કોઈપણ સંજોગોમાં વ્યક્તિની તબિયત ગંભીર બની ન હતી અને કોઈ દર્દીનું મોત નીપજ્યું હતું.આ અધ્યયમાં સામેલ લોકોની સરેરાશ ઉંમર ૩૭ વર્ષની હતી, સૌથી ઓછી ઉંમરનો વ્યક્તિ ૨૧ વર્ષનો હતો, જ્યારે સૌથી વૃદ્ધ વ્યક્તિ ૯૨ વર્ષના હતા. જેમાં ૪૧ પુરુષો અને ૨૨ મહિલાઓનો સમાવેશ થયો હતો. કોઈપણ દર્દીને પહેલાથી ગંભીર બીમારી ન હતી.

જોકે, રસી અંગે હજીપણ લોકોમાં જાગૃતિનો અભાવ છે. થોડા દિવસો પહેલા એવા અહેવાલ મળ્યા હતા કે, ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લાના એક ગામમાં, આરોગ્ય કર્મચારીઓ કોરોના રસી આપવા લોકો પાસે ગયા ત્યારે ગામના કેટલાક લોકો રસીના ડરથી નદીમાં કૂદી પડ્યા હતા. તે સમજવું જરૂરી છે કે, કોરોના વાયરસની રસીથી કોઈપણ પ્રકારનું જોખમ નથી અને ક્લિનિકલ ટ્રાયલમાં આ રસીને સલામત જાહેર કરવામાં આવી છે. તેથી, અગ્રતાના ધોરણે કોરોના સામે રક્ષણ માટે રસી લેવાની જરૂર છે.

યુનિવર્સિટીઓ માટે એકેડેમિક કેલેન્ડર જાહેર

આવતીકાલથી ગુજરાતમાં સ્કૂલ-કોલેજોનું ઓનલાઈન શિક્ષણ શરૂ થશે



અમદાવાદ,તા.૫

કોરોના કાળને ધ્યાનમાં રાખતા ફરી એકવખત શૈક્ષણિક સત્ર શરૂ થશે. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી યુનિવર્સિટીઓ માટે મેડિકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમો માટે કોમન એકેડેમિક કેલેન્ડર નક્કી કરાયું. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ-કોલેજો માટે કોમન એકેડમિક કેલેન્ડર જાહેર કરવામા આવ્યું છે જે મુજબ ૭મી જૂનથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે અને કોલેજો ઓનલાઈન ધોરણે જ શરૂ કરાશે તો દિવાળી વેકેશન ૧લી નવેમ્બરથી ૧૩ નવેમ્બર સુધીનું રહેશે. એકેડમિક કેલેન્ડરમાં સેમેસ્ટર પરીક્ષાઓ ક્યારે લેવી તેની કોઈ સૂચના જ અપાઈ નથી જેને લઈને વિદ્યાર્થીઓમાં મુંઝવણ ઉભી થઈ છે.મહત્વનું છે કે ગયા વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી વેકેશન ઘટાડી દેવાયુ છે. યુનિવર્સિટીના વિભાગો તેમજ કોલેજો દ્વારા આંતરિક મૂલ્યાંકન માટે વિકલી ટેસ્ટ , પ્રોજેક્ટ વર્ગ પ્રથમ સત્રના અંત પહેલા પુરુ કરવા સૂચના અને નિર્દેશો અપાયા છે. યુજી સેમ.૪ અને ૬ તેમજ પીજી સેમ.૪ માટે દ્વિતીય સત્ર ૧ ડિસેમ્બર સુધીમાં શરૂ કરવા નિર્દેશ અને સૂચના આપવામાં આવી છે. યુનિવર્સિટીના વિભાગો અને કોલેજોએ સેકન્ડર સેમેસ્ટરમાં આંતરિક મૂલ્યાંકન માટે વિકલી ટેસ્ટ-પ્રોજેક્ટ વર્ક ફેબ્યુઆરી-માર્ચ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું રહેશે એવું એકેડમિક કેલેન્ડરમાં જાહેર કરવામાં આવ્યું છે.

આગામી ૭મી જૂનથી નવા શૈક્ષણિક સત્રની શરુઆત થવાની છે. માસ પ્રમોશનવાળા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી નથી તો તેમને માર્કશીટ અપાશે કે પછી માત્ર પ્રમાણપત્ર જ આપવામાં આવશે? આ સિવાય સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટમાં પણ SSCની જે-તે વર્ષમાં અને જે બેઠક નંબરથી પરીક્ષા આપી હોય એની નોંધ લખાય છે. આ વખતે નોંધમાં માસ પ્રમોશન લખાશે કે કેમ? ધોરણ ૧૦ની માર્કશીટ અને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટના આધારે ધોરણ ૧૧માં પ્રવેશ આપવામાં આવે છે. આ વખતે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને માર્કશીટ અપાશે કે માત્ર પ્રમાણપત્ર? LCમાં શું લખાશે અને ધોરણ ૧૧માં પ્રવેશ કેવી રીતે આપવો, એને લઈ સંચાલકો મૂંઝવણમાં મુકાયા છે.

બાઈડન ટ્રમ્પના માર્ગે: ચીનની વધુ ૨૮ કંપનીઓ પર પ્રતિબંધ મૂક્યો

વોશિંગ્ટન,તા.૫

અમેરિકામાં સત્તા પરિવર્તન બદલાયા છતાંય ચીન સાથેના સંબંધોમાં બહું વધુ ફરક નથી પડયો. બાયડન તંત્રે ગુરૂવારે પૂર્વ ટ્રમ્પ સરકારની બનાવેલ બ્લેકલિસ્ટમાં ચીનની ૨૮ કંપનીઓને નાખી છે. બ્લેકલિસ્ટમાં જે કંપનીઓના નામ છે, તેમાં અમેરિકી રોકાણકારોને પૈસા લગાવવાની મંજૂરી નથી. અમેરિકાનું માનવું છે કે, આ કંપનીઓ ચીનની સરકારને જે સૈન્ય અને સુરક્ષા ઉપકરણો આપી રહી છે તેનો દુરૂપયોગ થઈ રહ્યો છે.

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના કાર્યકાળમાં અવાંછીત કારોબારી સંબંધો અંગે ચીનની ૩૧ કંપનીઓને બ્લેકલિસ્ટ કરી હતી. અમેરિકાની સરકાર મુજબ, આ કંપનીઓ ચીનની સેના અને સુરક્ષા એજન્સીઓને સૈન્ય સાધન-સરંજામ સપ્લાય કરી રહી છે અથવા સપોર્ટ કરી રહી છે, જેનો દુરૂપયોગ થઈ રહ્યો છે. ચીનની અમુક અન્ય કંપનીઓને બેનના દાયરામાં લાવવાથી અમેરિકી સરકારના બનાવેલ આ બ્લેકલિસ્ટમાં સામેલ કંપનીઓની સંખ્યા ૫૯ થઈ ગઈ છે.

જો બાયડન પ્રશાસને જે કંપનીઓને બ્લેકલિસ્ટમાં નાખી છે, તેમાં મોટાભાગે ચીન સરકારને સવલાંસ ટેકનોલોજી પ્રદાન કરે છે. ચીન એ કંપનીઓની ટેકનોલોજીનો ઉપયોગ વિરોધીઓના અવાજને દબાવવા અને માનવાધિકારનો ભંગ કરવામાં કરે છે, આવો અમેરિકી સરકારનો આરોપ છે. તેમનું કહેવું છે કે, ચીન આમ કરીને અમેરિકા અને તેના સહયોગીઓની સુરક્ષાને ખતરો પેદા થાય છે અને તેના લોકતાંત્રિક મૂલ્યને નબળું પાડે છે.

ચીની કંપનીઓની અમેરિકી બ્લેકલિસ્ટમાં ટેલિકોમ, કન્ટ્રકશન અને ટેકનોલોજી સેકટરની મોટી કંપનીઓ સામેલ છે. તેમાં ચાઈના મોબાઈલ, ચાઈના ટેલિકોમ, વીડિયો સર્વિલાંસ કંપની હાઈકવિજન અને ચાઈના રેલવે કન્સ્ટ્રકશન કોર્પનું નામ છે. ચીન વિરૂદ્ધ અમેરિકી સરકાર તરફથી ઉઠાવવામાં આવેલ પગલાઓથી બન્ને દેશો વચ્ચેના સંબંધો ઘણાં તણાવપૂર્ણ થઈ ગયા છે.

સૌથી મોંઘી માટી

મંગળની માટી ધરતી પર લાવવા માટે NASA નવ અબજ ડોલરનો ખર્ચ કરશે

વોશિંગ્ટન,તા.૫

મંગળના ગ્રહ પરથી એકઠી કરવામાં આવેલી માટી હવે પૃથ્વી પર લાવવામાં આવી રહી છે. જો આ પ્લાન સફળ થયો તો આ માટી પૃથ્વી પરનો સૌથી મોંઘો પદાર્થ બની જશે.

અમેરિકન અવકાશી સંસ્થા નાસાએ લાલ ગ્રહ પર એટલે મંગળ પર પ્રાચીન કાળમાં જીવન હતુ કે નહીં તપાસ કરવા માટે બે પાઉન્ડ એટલે કે એક કિલો જેટલી માટી પૃથ્વી પર લાવવાનુ નક્કી કર્યુ છે. જો અત્યારના ખર્ચની રીતે જોવામાં આવે તો નાસા ત્રણ મિશનો પર નવ અબજ ડોલર ખર્ચ કરવાની છે. બીજી રીતે કહીએ તો મંગળ પરની માટી ધરતી પર આવી તો તેની પાછળનો થનારો ખર્ચ બે પાઉન્ડ સોનાની કિમત કરતા બે લાખ ગણો વધારે હશે.

માટી માટે નાસાએ ત્રણ મિશન હાથ ધવાનુ નક્કી કર્યુ છે.પહેલા મિશનમાં મંગળ ગ્રહની માટીના નમૂનાની તપાસ કરવામાં આવશે.બીજા મિશનમાં નમૂના એકઠા કરવામાં આવશે અને તેને મંગળની ભ્રમણકક્ષામાં મોકલવા માટે લોન્ચરમાં પેક કરવામાં આવશે. જ્યારે નાસાનુ ત્રીજી મિશન માટી પાછી લાવવાનુ રહેશે.

આ સંદર્ભમાં પહેલુ મિશન પરસિવરન્સ રોવરના સ્વરુપે ૨૦૨૦માં લોન્ચ કરાયુ હતુ. રોવરે ફેબ્રુઆરી ૨૦૨૧માં ગ્રહ પર લેન્ડિંગ કર્યુ હતુ. હાલમાં આ રોવર માર્સના એક ક્રેટર પાસે પ્રાચીન જીવનની નિશાનીઓ શોધવામાં વ્યસ્ત છે. આ ક્રેટર એટલે કે વિશાળ ખાડો અગાઉ માર્સ પરનુ વિશાળ જળાયશ હોવાનુ મનાય છે. જે અબજો વર્ષ પહેલા ગાયબ થઈ ગયુ હતુ. પાણીની હાજરી અહીંયા જીવન પાંગર્યુ હતુ કે નહીં તે શોધવા માટે સારામાં સારી નિશાની છે.

રોવર પર આ માટે હાઈ રિઝોલ્યુશન કેમેરા લગાવવામાં આવ્યા છે. રોવર દ્વારા ૨૦૨૩ સુધીમાં નમૂના એકઠા કરવાનુ કામ પુરુ થઈ જશે. જોકે ધરતી પર આ નમૂના પાછા લાવવામાં બીજા દસ વર્ષ નિકળી જશે.

જાપાનમાં એક જાનવરના કારણે સ્ટોક માર્કેટમાં મોટી ઉથલપાથલ જોવા મળી

ટોક્યો,તા.૫

સ્ટોક માર્કેટમાં આવતા ઉતાર ચઢાવ સામાન્ય રીતે સરકારની નીતિઓ અથવા તો માનવ સર્જીત કે કુદરતી આપત્તિઓ જેવા પરિબળો પર આધાર રાખતા હોય છે.

જોકે જાપાનમાં એક જાનવરના કારણે સ્ટોક માર્કેટના કેટલાક શેરમાં ઉછાળો આવ્યો છે અને સંખ્યાબંધ રોકાણકારો માલામાલ થઈ રહ્યા છે. પહેલા તો આ પ્રકારની વાત પર વિશ્વાસ ના બેસે પણ આ હકીકકત છે. એક મીડિયા રિપોર્ટ પ્રમાણે એક પાંડાના પ્રેગનન્ટ થવાના કારણે સ્ટોક માર્કેટમાં બે રેસ્ટોરન્ટ ચેનના સ્ટોકમાં ૩૦ ટકા સુધીનો ઉછાળો આવ્યો છે. જાપાનની બે રેસ્ટોરન્ટ ચેનના સ્ટોકમાં ભારે તેજી જોવા મળી રહી છે.

વાત એવી છે કે, જાપાનની રાજધાની ટોકયોમાં આવેલા ઓએનો નામના ઝૂમાં એક પાંડા છે. આ પાંડા પ્રેગનન્ટ હોવાના અહેવાલો સામે આવ્યા છે. ઝૂમાં આવતા લોકો માટે આ પાન્ડા આકર્ષણનુ મુખ્ય કેન્દ્ર છે. હવે તે પ્રેગનન્ટ છે તેના કારણે રોકાણકારોને લાગે છે કે, ઝૂમાં આવતા લોકોની સંખ્યામાં ભારે ઉછાળો આવશે. ઝૂની આસપાસ જેટલી પણ રેસ્ટોરન્ટ છે તેની કમાણી વધશે.

એ પછી શિયોકેન નામની રેસ્ટોરન્ટના શેરમાં ૧૧ ટકાની તેજી જોવા મળી છે. ટોટેનકો નામની રેસ્ટોરન્ટના શેરના ભાવમાં ૨૯ ટકા જેટલો ઉછાળો જોવા મળ્યા છે. આ બંને રેસ્ટોરન્ટના શેરમાં તેજીનુ કારણ પાંડાની પ્રેગનન્સી જ છે. આ ઝૂ કોરોના સંક્રમણના કારણે ગયા ડિસેમ્બર મહિનાથી બંધ હતુ અને ચાર જૂનથી જ ખુલ્યુ છે.

૨૦૧૭માં પણ શિનશિન નામના પાન્ડાએ એક બચ્ચાને જન્મ આપ્યો ત્યારે પણ સ્ટોક માર્કેટમાં તેજી આવી હતી. આ ઘટના પણ જૂનમાં જ બની હતી અને હવે ઈતિહાસ ફરી એક વખત પોતાને જ દોહરાવી રહ્યો છે.

તમિલનાડુમાં લોકડાઉન ૧૪ જૂન સુધી લંબાવામાં આવ્યું

ચેન્નાઇ,તા.૫

સમગ્ર દેશમાં આ વખતે કોરોના ની આ બીજી લહેર ખુબ જ ભયાનક જોવા મળી હતી .જેમના પગલે સરકાર કેસો ને નિયંત્રણમાં લાવવા અથાગ પ્રત્યનો કરતી જોવા છે. દેશના મોટા ભાગના રાજયો માં લોકડાઉન કરવામાં આવ્યું હતું. પરિસ્થિતિ હવે સુધરતા ધીમે ધીમે છૂટ છાટ સાથે રાજયો અનલોક કરવામાં આવી રહ્યા છે .ત્યારે આજે તમિલનાડુની સરકારે ૧૪ જૂનના રોજ સવારે ૬ વાગ્યા સુધી લોકડાઉન એક અઠવાડિયા માટે વધાર્યું છે. મોટાભાગના જિલ્લાઓમાં લોકડાઉનમાં રાહતની પણ જાહેરાત કરવામાં આવી છે.ચેન્નઈમાં સરકારે પ્રતિબંધોમાં અમુકછૂટ આપવાની જાહેરાત કરવામાં આવી છે . સત્તાવાર હુકમ મુજબ જે બાબતો તમામ જિલ્લાઓમાં પહેલાથી જ મંજૂરી હતી તે ચાલુ રહેશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડીયાને ઈલેક્ટ્રિક વેહિકલ સીટી તરીકે વિકસીત કરાશે

ગાંધીનગર,તા.૫

વડાપ્રધાન મોદીએ નર્મદા જિલ્લાના કેવડિયાને ઈલેક્ટ્રિક વેહિકલ સીટી તરીકે વિકસીત કરવાની વિશ્વ પર્યાવરણ દિવસે જાહેરાત કરી છે.કેવડીયા ખાતે નિર્માણ પામેલી વિશ્વની સોથી ઊંચી પ્રતિમાં સરદાર વલ્લભભાઈ પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રિમ પ્રોજેક્ટ હતો.તેઓ જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું ખાત મુહૂર્ત કર્યું હતું. હાલમાં જ કેવડિયા ખાતે દેશનું પ્રથમ ગ્રીન રેલ્વે સ્ટેશનનું પણ નિર્માણ થયું છે.નર્મદા જિલ્લાને ગુજરાતનું મીની કાશ્મીર તરીકે ઓળખાય છે.ઘનઘોર જંગલોથી ઘેરાયેલો નર્મદા જિલ્લો પ્રવાસીઓની પેહલી પસંદગી બન્યો હતો.નર્મદા જિલ્લાનું વાતાવરણ પ્રદુષણ રહિત રહે અને લીલોતરી બરકરાર રહે એ માટે નર્મદા જિલ્લામાં મોટા મોટા ઉદ્યોગો ન સ્થાપવા ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ નિર્ણય કર્યો હતો.

તંત્રી લેખ

ભારત સરકારના 'ભ્રમ'ના કારણે પેદા થયું કોરોના સંકટ: અર્થશાસ્ત્રી અમર્ત્ય સેન

નોબલ પુરસ્કારથી સમ્માનિત અર્થશાસ્ત્રી અમર્ત્ય સેને કહ્યું કે ભારત સરકારે ભ્રમમાં રહેતા કોવિડ-૧૯ને ફેલાવાને રોકવા માટે કામ કરવાના બદલે પોતાના કામોના શ્રેય લેને ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું જેનાથી સ્કિજોફ્રિનિયાની સ્થિતિ બની ગઈ અને ખૂબ જ તકલીફો ઉભી થઈ હતી.સ્કિજોફ્રિનિયા એક ગંભીર મનોરોગ છે. જેમાં રોગી વાસ્તવિક અને કાલ્પનિક સંસારમાં ભેદ નહીં કરી શકતા. પ્રખ્યાત અર્થશાસ્ત્રીએ શુક્રવારે મોડી રાત્રે રાષ્ટ્ર સેવા દળ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું હતું કે ભારત પોતાના દવા નિર્માણના કૌશલ અને સાથી ઉચ્ચ રોગ પ્રતિરોધક ક્ષમતાના કારણે મહામારીથી લડવા માટે સ્થિતિમાં હતા.સેનની ટિપ્પણી કોરોના વાયરસ મહામારીની બીજી લહેરની પૃષ્ઠભૂમિમાં આવી છે. કેટલાક પ્રતિષ્ઠિત લોકોનું કહેવું છે કે પહેલા જ વિજયી થવાની ભાવનાથી આ સંકટ ઉભું થયું છે. સેને કહ્યું કે સરકારમાં ભ્રમના કારણે સંકટથી ખરાબ તરીકેને નિપટના કારણે ભારત પોતાની ક્ષમતાઓની સાથ કામ નથી કરી શક્યા.

તેમણે સરકારે જે કર્યું તેનો શ્રેય લેવાની ઈચ્છક દેખાઈ જ્યારે એ તેમણે એ સુનિશ્ચિત કરવાનું હતું કે ભારતમાં આ મહામારી ન ફેલાય. આનું પરિણાન એક ગત સુથિ સિજોફ્રેનિયા જેવી હતી.

હાર્વર્ડ વિશ્વવિદ્યાલયમાં અર્થશાસ્ત્ર અને દર્શનશાસ્ત્રના પ્રોફેસર સેને ૧૭૬૯માં એડમ સ્મિથ માટે એક લેખના હવાલેથી કહ્યું હતું કે જો કોઈ સારું કામ કરે છે તો તેનો શ્રેય મળે છે. અને શ્રેય અનેકવાર એક સંકેત હોય છે.કોઈ વ્યક્તિ કેટલું પણ સારું કામ કરી રહ્યો છે. સેનને કહ્યું કે શ્રેય મેળવવા માટેની કોશિશ કરવી અને શ્રેય મેળવવા સારું કામ ન કરવું બૌધ્ધીક નાદાનીનું એક સ્તર છે જેનાથી બચવું જોઈએ.

અંતરનાં આયનામાં.... (લેખાંક - ૫૬)

વર્ષા જાની



ગુણવંત શાહે સરસ લખ્યું છે,કે ખરેખર તો જિંદગીમાં જેણે એક પણ વૃક્ષ વાવ્યું ન હોય તેને નિઃસંતાન ગણવા જોઈએ..

અથવા તો જેને ઘરે વૃક્ષ કપાય,એણે સાદડી રાખવી જોઈએ..

કેટલા ચોટદાર વિધાન! નિઃસંતાન માણસને આખી જિંદગી કાંઈક ખોટ સાલતી હોય છે, એમ જીવનમાં જે માણસ એકપણ વૃક્ષ ન વાવે, એને પણ આવો કાંઈક વસવસો થાય એ પણ એટલું જરૂરી બને છે.પાંચમી જૂનને આપણે પર્યાવરણ દિવસે તરીકે ઉજવવાનું જાહેર કરીએ એટલે એનો મતલબ એવો ન હોવો જોઈએ કે છોડવા હાથમાં રાખીને વાવતા હોઈએ એવી એક્ટિંગ કરાવતા ફોટા પડાવી લેવાના!એને પછી જે તે છાપાઓમાં છપાવી દેવાના, સોશિયલ મીડિયામાં ફરતાં કરી દેવાના, અને કોના કેટલા લાઈક મળ્યા? કોણે કેવી કોમેન્ટ કરી. કેટલી કોમેન્ટ મળી!કોણે કોણે કોમેન્ટ અને લાઈક કર્યું!આ બધાનાં હિસાબ માંડવાના!અરે ભાઈ, આપણે જે છોડ વાવીએ છીએ,તો એનું પોતાના એક સંતાનની જેમ જતન કરવું જોઈએ, સાર સંભાળ લેવી જોઈએ. કોઈપણ મા પોતાના સંતાનની,બાળકની સાર સંભાળ રાખે છે, એનાં ઝાડો પેશાબ સાફ કરે,એને નવડાવે ધોવડાવે, બધી જ ક્રિયાઓ કરે,એ બધાનાં વિડીયો બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ કરે છે, ખરી? કોઈ મા પોતાના બાળકની સારસંભાળ કોઈ વળતરની અપેક્ષાથી નથી કરતી!એમાં ભારોભાર પ્રેમ, હૂંફ, લાગણી નીતરતી હોય!પછી ભલે એ સંતાન મોટું થઈને માને અને માના ઉપકારને ભૂલી જાય!

વૃક્ષારોપણ દિવસને આપણે ખરેખર મનાવવો જ હોય તો દરેક ગામ કે શહેરમાં વધારેમાં વધારે વૃક્ષારોપણ થવું જ જોઈએ એવો ધ્યેય નક્કી કરવો જોઈએ.જન્મદિવસ હોય, લગ્નદિવસ હોય, કે કોઈની પુણ્યતિથિ હોય,એક વૃક્ષ વાવવાની પ્રથા હોવી જોઈએ.

કોઈપણ પ્રથા, રીતરિવાજો માનવસમુદાય દ્વારા જ બનાવવામાં આવતા હોય છે.લગ્નવખતે

દીકરીને કરિયાવરમાં ઓછામાં ઓછા અગિયાર પુસ્તકો અને વરરાજાને પણ કન્યાનાં પરિવાર તરફથી સૂટની સાથે જીવનલક્ષી બુક આપવી જોઈએ.તો કદાચ સમજશક્તિ, સહનશક્તિનાં અભાવે થતાં છૂટાછેડાનાં દુષણને નિવારી શકાય ખરાં!

જેને ઘેર વૃક્ષ કપાય એણે ઘરે સાદડી રાખવી જોઈએ. આપણું કોઈ સ્વજન ગુમાવીએ છીએ. ત્યારે એક સામાજિક પ્રથા પ્રમાણે એની પાછળ બેસણું કે સાદડી રાખવામાં આવે છે. એમ વૃક્ષ પણ આપણું એક સ્વજન જ ગણાય. જો એને જાણી જોઈ કપાવી નાંખીએ, તો એ કેમ ચાલે!સ્વજનોને આપણે હાથે કરીને મોતના કુવામાં ધકેલતા નથીને! તો પછી ઝાડ, વેલા, ફૂલ સમગ્ર પ્રકૃતિ આપણી સ્વજન છે. વિચાર કરો, પ્રકૃતિ વગરનું જગત કેવું ભાસે? કોઈ શહેર, ગામ કે મહોલ્લામાં એકપણ ઝાડવા ન હોય તો કેવું લાગે! પશુ, પક્ષી, ફળો, ફૂલો, પાંદડાંથી લચેલા વૃક્ષો પૃથ્વીમાતાનો શણગાર છે. જેમ કોઈ નારી શણગાર વગર શોભતી નથી!એવી રીતે ધરતી પણ હરિયાળી વગર વામણી લાગે છે.આ પ્રકૃતિ જ માનવજીવન બક્ષે છે. વાતાવરણને શુદ્ધ કરે છે.ઓક્સિજનથી ભરપૂર બનાવે છે. હાલની ઓક્સિજનની તાતી જરૂરિયાત માટે નવાં નવાં ઓક્સિજનનાં પ્લાન્ટ નાખવાને બદલે કુદરતી ઓક્સિજનની ફેક્ટરી એવાં વૃક્ષો વધુમાં વધુ વાવીએ, એનું જતન કરીએ. અને જીવન બચાવીએ.

વર્ષા જાની
ભાવનગર
૬ જૂન ૨૦૨૧

સદાબહાર સુર - ૨૩

અવિનાશ વ્યાસ

ગુજરાતી પદ્યનો વ્યાપ વિશાળ છે ગીત, ગઝલ, કાવ્ય ,મહાકાવ્ય અને હાઈકુ.



માત્ર સત્તર અક્ષરોમાં જ રચાઈ જતા હાઈકુથી માંડીને ૧૮ પર્વના મહાકાવ્ય મહાભારત સુધી વિસ્તરેલો એનો વિશાળપટ છે. કાવ્યમાં છંદ, પ્રાસ, અનુપ્રાસના બંધન છે પણ એવું લાગે કે જાણે ગીતનો ઉદ્ભવ તો કદાચ કોઈક પંખીના કલરવમાંથી, કુદરતના ખોળેથી, વરસતા વરસાદ, વહેતા ઝરણા કે નદીના ખળખળ પાણીમાંથી કે લહેરાતા પવનના સરસરાટમાંથીય થયો હોઈ શકે. ભાષાની ઉત્પત્તિ લયમાંથી થઈ હોવાનું મનાય છે. લયમાંથી શબ્દ, શબ્દમાંથી ગીત-સંગીત પ્રગટ્યા. ગીત અને ગીતના પ્રકારોનો સંબંધ લય અને ઢાળ સાથે તો હંમેશનો રહ્યો છે. મોટાભાગે લોકભોગ્યની કક્ષાએ ગીતો, લોકગીતોને મૂકી જ શકાય પરંતુ એથી કરીને ગીતકારને કવિ કહી શકાય ?

અન્ય માટે તો ઝાઝી જાણકારી નથી પરંતુ એવું કહેવાય છે કે અવિનાશ વ્યાસને કવિઓએ કવિ માન્યા નથી. કદાચ અવિનાશ વ્યાસને મળીએ તો એ પણ પોતાને ગીતકાર-સંગીતકાર તરીકે જ ઓળખાવતા હશે પણ તેથી શું થયુ? ગીતો તો હૃદયની ભાષા છે અને એ કોઈપણ ઊર્મિશીલ વ્યક્તિના હૃદયમાં પાંગરી શકે અને એટલે જ અવિનાશ વ્યાસના ગીતો જાણે શબ્દોમાં મઢેલું સંગીત સાંભળતા હોય એમ એ આપણાં ભીતરને સ્પર્શ્યા જ છે ને? એમના ગીતોના ભાવો આપણાં મનને ભીજવે છે તો ક્યારેક મનની લાગણીઓને રમાડે છે તો ક્યારેક પ્રણયોન્મત કરી દે છે.

આજે અવિનાશ વ્યાસના આવા પ્રણયના ગીતો વિશે વાત કરવી છે.

પ્રેમમાં ચકચૂર બે વ્યક્તિઓ વચ્ચે એક શબ્દ બોલ્યા વગર ક્યારેક આંખના ઈશારે પણ વાત થઈ જાય તો ક્યારેક એ નજરનું સંધાન જરા અમસ્તુ તૂટે ને તો ય જાણે ઘણું બધું અધૂરુ રહી ગયાનો અફસોસ થાય.

"નજરના જામ છલકાવીને
ચાલ્યા ક્યાં તમે?
જીગરને આમ તરસાવીને
ચાલ્યા ક્યાં તમે?"

જીવનને આંગણે આવેલી વસંત જાણે અકાળે મુરઝાઈ ચાલી હોય એમ અજાણતા થઈ ગયેલી ભૂલની સાવ ગળગળા થયેલા શબ્દો દ્વારા માફી ય માંગી છે અને કહે છે.

"મારી થઈ ગઈ છે ભૂલ
મને માફ કરો,"

મેં તો આપ્યા છે ફૂલ મને માફ કરો પણ આમ પ્રણયના ફૂલ કરમાવીને ચાલ્યા તો ના જાવ.

આમ તો તમે પૂનમની રાત થઈને આવ્યા હતા, જીવન પ્રભાત બનીને આવ્યા હતા તો પછી એવી તે કઈ ભૂલ થઈ કે વિરહની આગ સળગાવીને ચાલ્યા ક્યાં તમે?

વાત બહુ સાદી છે. નથી એમાં કોઈ ભારેખમ શબ્દપ્રયોગો કે નથી કોઈ અલંકારના આડંબર પણ તેમ છતાં ય અધૂરી રહી જતી રાત અને એની વાત તો આપણા સુધી પહોંચે જ છે.તો વળી નજરોથી થઈ જતી વાતની અધૂરપ ન રહી જાય એટલે ગીતકાર એને જરા જુદા શબ્દોમાં ઢાળીને ય એ જ વાત ફરી રમતી મુકે છે. મઝાની વાત તો એ છે આ બંને ગીતો ધીર ગંભીર અવાજ ધરાવતા શ્રી મુકેશજી એ ગાયા છે.

"ઘડી ઘૂંઘટ ઉઠાવો ને
ઘડીક મુખ ઢાંકો,
કરો દિલબર જે કરવું હોય
તે પણ નજર મારા તરફ રાખો,
નજરને કહી દો કે નિરખે ન
એવું નાહકનું દિલ કોઈનું પાગલ
બને છે,
અમથી જિગરમાં આંધી
ચડે છે ને આંખો બિચારી વાદળ
બને છે
મશહૂર છે મહોબ્બત
તમારી ને આપ પણ મશહૂર છો
અફસોસ કેવળ એટલો કે
તમે પણ દૂર છો."

આ એક ગીતમાં જ બે સાવ અલગ વાત કરી છે અને તેમ છતાં એકમેકથી પૂરક પણ એટલી જ છે. સનમને જે કરવું હોય એ કરે પણ નજર તો મારા તરફ જ રાખે, વળી પ્રેમમાંય શરતો કેટલી મઝાની?

નજર તો નજર સામે જ હોવી જોઈએ પણ પાછું એવી રીતે નજરસંધાન નહી કરવાનું કે જેમાં કોઈનું દિલ પાગલપનની હદે પહોંચે.

હવે આવા ગીતો સાંભળીને અવિનાશ વ્યાસ

૨૪ કલાકમાં ગુજરાતના ૮૨ તાલુકામાં વરસાદ પડ્યો

નડિયાદમાં ધોધમાર વરસાદ, અંડરબ્રીજમાં પાણી ભરાતા એમ્બ્યુલન્સ ફસાતા રેસ્ક્યુ કરાઈ

ગાંધીનગર,તા.૫

ગુજરાતમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઇ ગઇ છે. ગઇકાલે દક્ષિણ ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ખેડા જિલ્લાના નડિયાદમાં મોડી રાત્રે ભારે પવન તથા ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. પહેલાં જ વરસાદમાં પ્રિમોન્સુન કામગીરીની જાણે એમ્બયુલન્સે પોલ ખોલી નાંખી.નડિયાદના શ્રેયસ અંડર બ્રીજમાં વરસાદી પાણી ભરાઇ ગયા હતા. જેમાં એક એમ્બ્યુલન્સ ફસાઈ ગઈ હતી. એક એમ્બ્યુલન્સ કઠલાલ દર્દીને મુકી કરમસદ દર્દીને લેવા જઈ રહી હતી. ત્યારે નડિયાદના શ્રેયસ અંડર બ્રિજમાં ગરનાળાના પાણીમા એમ્બ્યુલન્સ ફસાઈ હતી. ઘટનાની જાણ થતા તાત્કાલિક નડિયાદ ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી એમ્બ્યુલન્સને બહાર કાઢવા રેસ્ક્યુ હાથ ધરવામા આવ્યુ હતુ.લગભગ ૩૦ મિનિટની ભારે જહેમત બાદ ફાયરના જવાનોએ વરસાદી પાણીમાંથી ફસાયેલ એમ્બ્યુલન્સને બહાર કાઢી હતી. ઘટનામા એમ્બ્યુલન્સમાં સવાર બંન્ને વ્યકિતનો આબાદ બચાવ થયો હતો.ગુજરાતના ૮૨ તાલુકામાંછેલ્લાં ૨૪ કલાકમાં વરસાદ ખાબકયો છે. ખેડામાં સૌથી વધુ ૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. દેડિયાપાડા, આણંદ,માતરમાં સાડા ૩ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે ઉમરપાડા,માંગરોળ, નવસારીમાં અઢી ઈંચ વરસાદ પડ્યો છે. સાણંદ,મહુવા,નડિયાદ,વસોમાં ૨ ઈંચ વરસાદ પડ્યો. તદઉપરાંત રાજ્યના ૧૩ તાલુકામાં ૧થી ૨ ઈંચ વરસાદ પડ્યો છે.

સિવિલ હોસ્પિટલમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

"પર્યાવરણનું પુનઃ સ્થાપન" થીમ આધારીત વૃક્ષારોપણ હાથ ધરાયુ

અમદાવાદ

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કોરોના મહામારીની વચ્ચે વિશ્વ પર્યાવરણ દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાણ બચાવનારાતબીબો આજે નાગરિકોને-દર્દીઓને મહત્તમ પ્રાણવાયુ (ઓક્સિજન) મળે તે ઉમદા હેતુથી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ. સિવિલ હોસ્પિટલના સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. જે.વી. મોદી, હોસ્પિટલના વિવિધ વિભાગના વડા, નર્સિંગ સ્ટાફ, સેનેટરી ઈન્સપેક્ટર સહિતના તમામ હેલ્થકેર વર્કરોએ આજે વૃક્ષો વાવીને પ્રકૃતિના જતનનો પોઝીટીવ મેસેજ આપ્યો હતો. વર્ષ ૨૦૨૧ ની વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી ×પર્યાવરણનું પુનઃ સ્થાપન× થીમ આધારીત થઇ રહી છે ત્યારે કુદરતી કે માનવસર્જિત રીતે પ્રકૃતિને પહોંચેલ નુકસાનની ભરપાઇ કરવાના આશયથી આજે વૃક્ષો વાવીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ.

સિવિલ હોસ્પિટલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. જે.વી. મોદી એ આ ઉજવણી સંદર્ભે કહ્યું કે, કોરોનાકાળમાં સતત દિવસ રાત દર્દીઓની સેવા-સારવારમાં લાગેલા તબીબોએ આજે વૃક્ષારોપણમાં જોડાઇને હળવાશ અનુભવ્યો હતો. આ વૃક્ષારોપણ દ્વારા વાતાવરણમાં ઓક્સિજન સ્તરનો વધારો થાય તે આશા સાથે અમારા તમામ હેલ્થકેર વર્કરોએ આજે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં વૃક્ષારોપણ કર્યું હતુ. ચોમાસાની ઋતુ દરમિયાન અમારા સિવિલ મેડીસીટી કેમ્પસમાં ૧૫૦૦ વૃક્ષો રોપવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. ત્યારબાદ દાતાશ્રીઓના સહયોગથી વૃક્ષોને દત્તક લઇ બે વર્ષ માટે ઉછેર કરવાની જવાબદારી કેચ ફાઉન્ડેશન દ્વારા સ્વીકારવામાં આવી હોવાનું તેઓએ જણાવ્યું હતુ. સિવિલ મેડિસીટી કેમ્પસમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી વૃક્ષારોપણ કરવામા આવ્યું છે.

સરકારને લોન આપવા વિનંતી કરી

વાવાઝોડાથી અસરગ્રસ્ત થયેલ વિસ્તારોની પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ મુલાકાત કરી

અમરેલી,તા.૫

અમરેલી જિલ્લામાં તાઉ-તે વાવાજોડાએ મચાવેલી તબાહી બાદ અસરગ્રસ્ત રાજુલા જાફરાબાદ વિસ્તારની મુલાકાતે આવેલા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ રાજુલા તાલુકાના વડ ગામના ખેડુત પીઠુભાઈ બોરીચાની વાડી બાગાયતી ખેતીનું નિરીક્ષણ કર્યું અને ચારે તરફ ૧૫થી ૨૦ વર્ષ જૂના આંબા ધરાશય થયા તેનું નિરીક્ષણ કર્યું હતું.

પૂર્વ મુખ્ય મંત્રી શંકરસિંહ વાઘેલાએ ખેડૂત પાસેથી માહિતી મેળવ્યા બાદ છતડીયા ગામ નજીક ૫૦ જેટલા ખેડૂતો સાથે સીધો સંવાદ કર્યો અને ખેડૂતોએ વ્યાપક પ્રમાણમાં નુકસાન ગયું તે સરકાર સુધી પોહ્ચાડવા માટે રજૂઆતો કરી હતી. હાલ ગામડા ૧૮ દિવસ થયા છતાં વીજળી નથી સાથે ખેતીવાડી વીજળી આપવા હજુ કોઈ ઠેકાણા નથી, કોઈ કામગીરી શરૂ નથી થઈ.

વાવાઝોડામાં વર્ષોથી મેહનત કરતા ધરતી પુત્રોની બાગાયતી પાક મૂળમાંથી નાશ થયો છે. કરોડોનું નુકસાન ગયું છે સરકાર આપેલી સહાયથી કોઈ ફાયદો નથી થયો. સૌથી પહેલા વરસાદ આવે તે પહેલા ખેતીવાડીની વીજળી મળે તો ખેડૂત ફરી ખેતી કામ કરી શકે. વરસાદ આવશે તો વીજળી નહીં મળે અને ખેડૂત બરબાદ થશે. આ પ્રકારની રજૂઆત ખેડૂતેએ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાને કરી હતી. જયારે સ્થાનિક કોંગ્રેસના ધારાસભ્ય અંબરીશ ડેર પણ જોડાયા હતા ત્યારબાદ શંકર સિંહ વાઘેલાએ પ્રેસ યોજી હતી.

અઠવા લાઈન્સમાં મંદિરમાંથી ભગવાનની મૂર્તિ ચોરાઈ જતાં ભક્તોમાં રોષ

સુરત,તા.૫

અઠવા લાઇન્સ ગોકુલમ ડેરી નજીકના રોડ ઉપર આવેલા ભગવાન મામાદેવના મંદિરમાંથી મૂર્તિ ચોરાઈ જતા ભાવિકોમાં રોષની લાગણી ફેલાઈ છે. અંદાજે૧૦૦ વર્ષ જુના આ મંદિરમાં દર વર્ષે મંદિરની સાલગીરી સહિતના તમામ ધાર્મિક કાર્યક્રમો રંગે ચંગે ઉજવવામાં આવતાં હતાં. જો કે તસ્કરોએ દાન પેટી, આભૂષણો કે ચીજવસ્તુઓની જગ્યાએ ભગવાનની પ્રતિમાને જ નિશાન બનાવી હતી. મૂર્તિ ચોરી જવા અંગે ભાવિકોએ ફરિયાદ દાખલ કરાવતા ઉમરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

મંદિરના સંચાલક અશોકભાઈએ જણાવ્યું હતું કે, આ ખૂબ જ દુઃખદ ઘટના છે. અગાઉ મંદિરોમાંથી દાન પેટી કે પછી કિંમતી વસ્તુઓ ચોરાઈ જવાની વાતો જોવા કે સાંભળવા મળતી હતી. જો કે આ વખતે તો તસ્કરોએ માઝા મૂકી હોય તેમ સામે આવ્યું છે. તસ્કરો ભગવાનની મૂર્તિઓ જ ચોરી રહ્યા છે. મામા દેવ મંદિરમાં શુક્રવારની સાંજે પૂજા કર્યા બાદ મંદિર બંધ કરવામાં આવ્યું હતું. આજે સવારે પૂજા પાઠ માટે મંદિર ખોલતા મૂર્તિ ગાયબ હતી.

મામાદેવની પ્રતિમા મંદિરમાંથી ચોરી થતા ભાવિકોમાં રોષ ફેલાયો છે. આ મંદિર ૧૦૦ વર્ષથી વધુ જૂનું છે. લોકો માનતા લઈને આવતા હોય છે. લોકોની આસ્થાનું પ્રતીક છે. ઉમરા પોલીસમા આ બાબતે ફરિયાદ આપી છે. પોલીસે વધુ તપાસ હાથધરી છે. જો કે અશોકભાઈએ કહ્યું કે, અમે ચોરને વિનંતી કરીએ છીએ કે, મૂર્તિ પાછી મૂકી જાય, ભગવાન અને ભક્તોની હાય આવા લોકોને ક્યારેય છોડતી નથી.

કોંગ્રેસ નેતા હાર્દિક પટેલે મુખ્યમંત્રીને પત્ર લખ્યો

રાજ્યની રુપાણી સરકાર કોરોનાની ત્રીજી લહેરને લઈ ગંભીર નથી

અમદાવાદ,તા.૫

ગુજરાતમાં ગઈકાલથી રાજ્યના તમામ જિલ્લાઓમાં ૧૮થી ૪૪ના વયજૂથના લોકોને વેક્સિન આપવાની શરૂઆત કરવામાં આવી છે. રાજ્યના તમામ ૩૩ જિલ્લાનાં ૧૨૦૦ કેન્દ્રો પર રસીકરણ શરૂ કરવામાં આવ્યું છે. જોકે ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલે મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખીને કહ્યું છે કે રાજ્ય સરકાર હજુ સુધી કોરોનાની ત્રીજી લહેરને લઈને ગંભીર ન હોવાનું જણાઈ રહ્યું છે. આ સાથે જ હાર્દિક પટેલે પંજાબ સરકારની જેમ ગુજરાતમાં પણ ૧૦૦ ટકા વેક્સિનેશન કરનારાં ગામડાંને વિકાસ માટે વધુ ગ્રાન્ટ આપવાની માગણી કરી છે, જેથી એ ૧૦૦ ટકા રસીકરણ કરવા માટે પ્રેરિત થાય.હાર્દિક પટેલે પોતાના પત્રમાં લખ્યું છે, ભારત દેશના દરેક રાજ્યમાં કોરોનાની પહેલી અને બીજી લહેર દરમિયાન કોરોનાનું સંક્રમણ સતત વધતું રહ્યું હતું, જેથી કરીને ઘણાબધા પરિવારો આર્થિક રીતે અને પારિવારિક રીતે ભાંગી ગયા છે એમાં શંકાને કોઈ સ્થાન નથી અને હજુ આગામી સમયમાં કોરોનાની ત્રીજી લહેર આવશે એવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. કોરોના સામે એકમાત્ર હથિયાર 'કોરોના વેક્સિન' છે. એવામાં ગુજરાત સરકાર દ્વારા ઝડપથી વેક્સિનેશન કરાય એ જરૂરી છે. હાલમાં જે ગતિએ ૧૮થી ૪૪ વર્ષના યુવાઓ તેમજ ૪૫ વર્ષથી મોટી ઉંમરના લોકોને કોરોના વેક્સિન આપવાની કામગીરી છેલ્લા મહિનાઓથી ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે, પરંતુ એમાં ધાર્યું પરિણામ નથી મળ્યું એ સરકાર પણ સમજે છે, પરંતુ સ્વીકારતી નથી.

અમદાવાદ શહેરની ધનવંતરી રથ ની ટીમ દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી

અમદાવાદ શહેરમાં કોરોના કાળમાં છેલ્લા એક વર્ષથી શહેરીજનોની આરોગ્ય સુખાકારી માટે ધન્વતરી આરોગ્ય રથની ટીમ કાર્યરત છે. આજે અમદાવાદ શહેરના વિવિધ સ્થળોએ ધન્વતરી રથની ટીમ દ્વારા "વિશ્વપર્યાવરણ દિન"ની ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદ શહેરના ધન્વતરી રથની ૧૨૫ ટીમ દ્વારા શહેરના અર્બન હેલ્થ સેન્ટર થી લઇ વિવિધ વર્કીંગ સાઇટ પર થઇ ૪૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતુ. "પર્યાવરણએ જ જીવન" નામંત્રને અપનાવીશ હેરનાવિવિધ સ્થળોએ વૃક્ષારોપણ કરીને નગરજનોને પ્રકૃતિના જતનનો સંદેશો પાઠવ્યો હતો

અંધશ્રદ્ધા અને ડરના કારણે ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનેશન ઓછું થયું: જયેશ રાદડિયા

રાજકોટ,તા.૫

રાજકોટના ગ્રામ્ય વિસ્તારમાં વધુને વધુ વેક્સિનેશન થાય તે માટે સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પરંતુ આજે પણ ગામડાઓમાં અંધશ્રદ્ધા અને અફવાઓથી પ્રેરાયને લોકો વેક્સિનેશનથી દૂર રહેતા હોવાનો ખુદ કેબિનેટ મંત્રી જયેશ રાદડિયાએ સ્વીકાર કર્યો છે. આજે વિશ્વ પર્યાવરણ દિવસને અનુલક્ષીને રાજકોટ મનપા દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ સમયે કેબિનેટ મંત્રી જયેશ રાદડિયાએ વેક્સિનેશન અંગે કહ્યું હતું કે-લોકોમાં વેક્સિન અંગેની અંધશ્રદ્ધા અને ડર હોવાના કારણે વેક્સિનેશન ઓછું થયું છે. હાલ અંધશ્રદ્ધાને કારણે ગ્રામ્ય વિસ્તારમાં લોકો વેક્સિન મુકાવતા નથી. આ તકે તેમણે લોકો વધુને વધુ વેક્સિનેશનનો લાભ લેવા માટે અપીલ કરી હતી.

વધુમાં કેબિનેટ કક્ષાના મંત્રી જયેશ રાદડીયાએ જણાવ્યું હતું કે, ગઈકાલથી ૧૮ થી વધુ ઉંમરના વ્યક્તિઓને વેક્સિન આપવાની કામગીરી ગ્રામ્ય કક્ષાએ શરૂ કરવામાં આવી છે. વેક્સિનેશન ને લઈ અત્યાર સુધી લોકોમાં ડર હોવાના કારણે વેક્સિનેશન ઓછું થયું હતું. તો સાથે જ વેક્સિનેશન મામલે લોકોમાં અંધશ્રદ્ધા ન હોવી જોઈએ.

અમદાવાદમાં ચાલુ એક્ટિવામાંથી સાપ નીકળતા ચાલક વાહન મૂકી ભાગ્યો

અમદાવાદ,તા.૫

શહેરમાં છેલ્લા બે દિવસથી મોડી રાત્રે વીજળીના ચમકારા સાથે વરસાદ પડી રહ્યો છે. વરસાદના કારણે નાના જીવજંતુઓ બહાર નીકળતા હોય છે. એવામાં તેમનો શિકાર કરનારા સરીસૃપો પણ બહાર નીકળી રહ્યા છે. એવામાં આજે સવારે દિલ્હી ચકલા વિસ્તારમાં રણછોડજીના મંદિર પાસે એક ભાઈ એક્ટિવા લઈને નીકળી રહ્યા હતા ત્યારે એક્ટિવાની આગળના ભાગમાં સાપ ફરતો જોવા મળતા તેઓ ગભરાઈ ગયા હતા તથા એકટીવા રસ્તા પર મૂકીને ભાગદોડ મચી ગઈ હતી.વાહનમાં સાપ જોવા મળતા જ તાત્કાલિક એનિમલ લાઈફ કેરને જાણ કરવામાં આવી હતી.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001